ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૪ ટકા

ગાંધીનગર તાપમાન

કલેક્ટર કચેરીના દરવાજા પ્રજા માટે બેરોકટોક ખુલ્લા કરવા વસાહત મહાસંઘની માંગ

કોરોનાના બહાને ચોકી પહેરો બેસાડીને સામાન્ય પ્રજા માટે પ્રવેશ આકરો બનાવાયો છેવાડાના ગ્રામીણ વિસ્તારમાંથી અગત્યના કામે આવતા નાગરિકોને ધરમધક્કા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી સંકુલના મુખ્ય દરવાજા બંધ કરી કોરોના મહામારીના બહાને ચોકી પહેરો બેસાડીને સામાન્ય પ્રજા માટે પ્રવેશ આકરો બનાવાયો હોવાની ફરિયાદ શહેર વસાહત મહાસંઘ દ્વારા ઉઠાવવામાં આવી છે. આ સાથે કરવાની સાથે સંકુલમાં અનઅધિકૃત કામો કરાવવાવાળા અને ઓળખાણવાળા વ્યક્તિઓને કોઈ રોકટોક વગર જ પ્રવેશ આપવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરવા સાથે મહાસંઘ દ્વારા કલેક્ટર કચેરીના દરવાજા તમામ નાગરિકો માટે ખોલી દેવા માંગણી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં કોરોનાનો કહેર વધ્યો ત્યારથી કલેક્ટર કચેરી સહિતના જનસેવા કેન્દ્રો સામાન્ય પ્રજા માટે બંધ કરી દેવામાં આવ્યા હતા. વળી તાજેતરમાં જ્યારે લોકડાઉનમાં છુટછાટો જાહેર કરવામાં આવી ત્યારે કચેરી સંકુલમાં ટોળા એકઠા થવાના અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન નહીં થતું હોવાના અહેવાલો પ્રકાશિત થયાં હતા. જોકે છેલ્લા એક વર્ષથી કોરોનાની મહામારીને કારણે સરકારી કચેરીઓમાં ૫૦ ટકા હાજરીનો નિયમ હતો તે દરમ્યાન કલેકટર કચેરીના જનસેવા કેન્દ્રો તો સદંતર બંધ જ રાખવામાં આવ્યા હતા પરંતુ હવે જ્યારે કોરોનાના કેસો સાવ ઘટી ગયા છે, તેમજ સરકારી કચેરીમાં સંપૂર્ણ હાજરી સાથે કાર્યરત થઈ ચૂકી છે ત્યારે આ રીતે સંકુલમાં પ્રવેશ બંધીથી દૂરદરાજના છેવાડાના ગ્રામીણ વિસ્તારમાંથી અગત્યના કામે આવતા નાગરિકોને ડેલીએ હાથ દઈને પાછા ફરવા જેવા ધરમધક્કા પડતાં આ નાગરિકોમાં નિરાશા સાંપડતી હોવાનું શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે. આ સાથે કલેક્ટર કચેરી ખાતે સામાન્ય આવકના દાખલા, જમીનના ઉતારા, નામ નોધણી, રેશનકાર્ડ કઢાવવા વગેરે જેવા અગત્યના કામો માટે આવતા સામાન્ય નાગરિકોને પ્રવેશ મેળવવા ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી રહી હોવાનું જણાવતા તેમણે કલેકટર કચેરી સંકુલના બન્ને દરવાજા પ્રજાના કામો માટે કોઈ રોકટોક વગર ખુલ્લા કરવામાં આવે તેવી માંગણી વ્યક્ત કરી છે.

ચોરીના બાઈક સાથે યુવકને અડાલજ પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૯

અડાલજ પાસે ભાટ ટીપી તરફ જતા માર્ગ પરથી ચોરીના બાઈક સાથે શખ્સને અડાલજ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંઘવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પોલીસ મથક વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે તેઓને બાતમી મળી હતી કે એક શંકાસ્પદ શખ્સ નંબર વિનાનું હીરો સ્પ્લેન્ડર બાઈક લઈને રીંગરોડ બાજુથી ભાટ ટી.પી. રોડ તરફ આવી રહ્યો છે. બાતમીને પગલે પોલીસે ભાટ ટીપી જતા માર્ગ પરથી એક શખ્સને નંબર વિનાના બાઈક સાથે ઉભો રાખીને પુછતાછ કરી હતી. પોલીસે તેનું નામ પુછતા શખ્સે વિજયસિંહ વખતસિંહ ચાવડા(ઉં.૩૬ રહે.મકાન નં.૨, મારૂતિ વિહાર અંબિકાનગર ગજાનંદ ચોક પાસે ઓઢવ અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. બાઈકના આધાર પુરાવા માંગતા શખ્સે કાગળો રજુ કર્યા ન હતા. બાઈક ચોરીનું હોવાનું જણાતા પોલીસે ઉંડાણપુર્વક તપાસ કરતા યોગ્ય જવાબ આપી શક્યો ન હતો અને યુવકે જણાવ્યું કે આ બાઈક વસ્ત્રાલ સ્વયંભુ હોસ્પિટલના પાર્કિંગમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પોલીસે રૂ.૨૦ હજારનુ બાઈક કબ્જે કરી શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિયા ગામે જુગાર રમતા ૫ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના પ્રાંતિયા ગામે મહાદેવ મંદિરની બાજુમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે આરસીસી માર્ગ પર બેસીને જુગાર રમી રહેલા પાંચ શખ્સોને પકડી પાડ્યા હતા. ડભોડા પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને રૂ.૧૧,૧૩૦ નો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ પેટ્રોલીંગમા હતી તે દરમિયાન આશિષ ભેમાભાઈને બાતમી મળી હતી કે પ્રાંતિયા ગામે મહાદેવ મંદિરની બાજુમાં કેટલાક શખ્સો માર્ગ પર લાઈટના અજવાળે જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈને રેઈડ કરતા જુગાર રમી રહેલા પ્રાંતિયા હાટડીયા વાસ ખાતે રહેતા મહેશજી બાબુજી ધુળાજી ઠાકોર, જુહાજી શંકાજી નાથાજી ઠાકોર, પરબડી વાસ ખાતે રહેતા રાજેશજી પ્રતાપજી જેણાજી ઠાકોર, રામપુરા પાલજ ગામના સંજયજી ખોડાજી ચેહરાજી ઠાકોર અને રૂમાલજી ગાંડાજી મગનજી ઠાકોરને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રૂ.૪૩૦ અને અંગજડતી દરમિયાન ૧૦,૭૦૦ મળી આવ્યા હતા. પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે કરી જુગારીઓને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

જન્મદિને વધામણી

મહેશ ડી ઠાકોર
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩

મુન્નીબેન શૈલેન્દ્રસિંહ ઠાકોર

દક્ષ ભરતભાઈ વાઘેલા
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩

મનોજકુમાર પ્રજાપતિ
મો. ૯૭૨૩૮ ૧૪૨૪૧

નર્મદાબેન લાલજીભાઈ હેરમા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ
મો. ૯૪૨૬૫ ૨૫૨૨૪

ઝંકૃતિ

ગુજરાત પ્રવાસન નિગમ કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત પ્રવાસન નિગમ લિ. કર્મચારી મંડળની તાજેતરમાં યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં નવા હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. આ અનુસાર સર્વાનુમતે બિનહરીફ હોદ્દેદારોમાં પ્રમુખ પદે પૂર્વ પંચાયત મંત્રી અને સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈ, કાર્યકારી પ્રમુખપદે જી.એમ. ગુર્જર, ઉપપ્રમુખ પદે જે.જે. પટેલ અને મહામંત્રી પદે એન.એ. રાઠોડની વરણી કરવામાં આવી હતી.

ઉજ્જૈનમાં શિવકથા યોજાશે

ગાંધીનગર, તા.૨૯

સુંદરધામ પરિવાર દ્વારા ભારતીબાપુની વ્યાસપીઠે સાત દિવસીય શિવકથાનું આયોજન ઉજ્જૈન મહાકાલેશ્વર દાદાના સાંનિધ્યમાં કરવામાં આવ્યું છે. તા. ૧૯ થી ૨૫ જુલાઈ દરમિયાન યોજાનાર આ શિવકથામાં કોરોનાના કારણે મર્યાદિત સંખ્યામાં સભ્યો લઈ જવાના હોવાથી કિરણ ગોસ્વામીનો ફોન નં. ૯૪૨૮૫૯૫૭૪૧ અને ૮૧૪૧૨૧૭૦૫૦ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

અડાલજ પાસેથી મોબાઈલ ચોરીને ભાગી ગયેલ શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

અડાલજ મહારાજા હોટલ સામે માર્ગ પર બાઈક લઈને આવેલા શખ્સોએ ઉભા રહેલા યુવકના હાથમાંથી સેમસંગ કંપનીનો એ.એસ.૨૧ મોડલનો મોબાઈલ ફોન લઈ નાસી છુટ્યા હતા. યુવકે અડાલજ પોલીસ મથકે રૂ.૭ હજારના મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંઘવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.જે.સોલંકી તેમજ હેકો.ધવલસિંહ અને પો.કો.કૃણાલ સહિતના ટીમના સભ્યોએ સર્વેલન્સથી માહિતી મેળવી ભરતભાઈ જેમતુજી ઉર્ફે જયંતિજી ઠાકોર (ઉં.૨૪ રહે.તેરવાડા નર્મદા કેનાલ બાજુમાં વાલજી ધમાજી ઠાકોરના ખેતરમાં તા.કાંકરેજ જી બનાસકાંઠા મુળ રહે ખડોસણ ગામ તા.ભાભર) ની ઉંડાણપૂર્વક તપાસ કરતા યોગ્ય જવાબ આપ્યો ન હતો અને મોબાઈલ ચોરીના ગુનાની કબુલાત કરી હતી. જયારે સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન અને સ્પ્લેન્ડર બાઈક જી.જે.૦૧.વી.એફ.-૯૯૨૭ કબ્જે કરી કુલ રૂ.૩૭,૦૦૦ ના મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે સ્વાસ્થ્યની લ્યાણકારી યોજના મા અમૃતમ માટેના કાર્ડ કાઢવાની કામગીરી છેલ્લા કેટલાય દિવસોથી બંધ છે. આ બાબતે આમ આદમીપાર્ટી દ્વારા મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટન લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી.

નિયમિત રીતે યોગાસન અને પ્રાણાયામ કરવામાં આવે તો તે સ્વાસ્થ્ય માટે ખૂબ ઉત્તમ ગણાય છે. સેકટર-૫માં ૨૦૧૩ થી અત્યાર સુધી યોગાસનના કલાસ ચાલુ છે. યંગ ઓલ્ડ ગ્રુપના સિનિયર સિટિઝનો સવારે ૬ વાગ્યાથી યોગ કરવા માટે આવી જાય છે. યોગ ગુરૂ સુરેન્દ્રસિંહ વાઘેલા, રસીકભાઈ ગજ્જર અને જગદીશભાઈ પટેલ દ્વારા વિવિધ યોગાસનો શિખવવામાં આવે છે.

રાંધેજામાં ચાર શખ્સોએ પરિવાર પર જીવલેણ હુમલો કર્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેર નજીક આવેલા રાંધેજા ગામ ખાતે રહેતા એક પરિવાર પર ગામના જ ચાર શખ્સોએ લાકડીઓ વડે જીવલેણ હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. ચાર વર્ષ પહેલાના ઝઘડાની અદાવત રાખી આ હુમલો કરવામાં આવ્યો હોવાનું લાગી રહ્યું છે. રાત્રીના સમયે પરિવારના ઘરની બારીનો કાચ તોડી નાંખી ઘરના આંગણા જ પરિવાર પર શખ્સોએ લાકડી વરસાવી આતંક મચાવ્યો હતો. ત્યારે પરિવારના સભ્યોને લાકડીઓ વડે માર મારી ઈજા પહોંચાડી ગાળો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંધેજા જોગેશ્વર મહાદેવની પાછળના ભાગે ખોડીયાર નગર ખાતે રહેતા તેજસ વિનોદભાઈ પટેલ (ઉં.૨૪) પોતાના પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર ફાયર વિભાગમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૮ ના રોજ રાત્રીના ૯ વાગ્યાના અરસામાં ઘર પાસે વાડામાં પાર્ક કરેલા બાઈકને પાટુ મારીને પાડી દીધુ હતુ અને ફરીયાદીને લાકડીથી મારતા હતા. તે સમયે તેજસે બુમાબુમ કરતા નજીકમાં રહેતા અલ્પેશભાઈ પટેલ દોડી આવ્યા હતા અને વધુ મારમાંથી છોડાવ્યો હતો. તેજસે જોયુ તો માર મારનાર શખ્સો ગામના જ બાબુભાઈ આત્મારામ રાવળ અને અનિલ બાબુભાઈ રાવળ હતા. ત્યારબાદ તે ઘરમાં જતો રહ્યો હતો. જયારે થોડા સમય પછી ફરીયાદીના ઘરની પાછળ હોહા થવા લાગી હતી. ઘરની પાછળની બારીએ કોઈ લાકડીથી ફટકા મારતુ હોય તેમ લાગી રહ્યું હતું. જેથી જઈને જોયુ તો બાબુભાઈ અને અનિલભાઈ લાકડીથી ફટકા મારી બારી તોડી નાંખી હતી. જયારે અનિલભાઈ અને બાબુભાઈનું ઉપરાણુ લઈને પરેશભાઈ બાબુભાઈ રાવળ અને શૈલેષ બાબુભાઈ રાવળ ઘરેથી લાકડીઓ લઈને આવ્યા હતા. ત્યારબાદ ચારેય શખ્સોએ ઘર પાસે આવીને ગંદી ગાળો બોલીને આજે તો તેજસને મારી નાંખવાનો છે, ઘરની બહાર કાઢો. તે સમયે ફરીયાદીના પિતાએ ગાળો ન બોલવાનું કહીને શાંતિ રાખવા માટે કહ્યું હતું. ત્યારબાદ તેઓ ઘરની બહાર નીકળતા જ બાબુ રાવળે લાકડી માથાના ભાગે મારી હતી. ત્યારબાદ ફરીયાદી ઘરની બહાર નીકળતા અનિલ અને પરેશ રાવળે લાકડીઓ વરસાવી આતંક મચાવ્યો હતો. માથાના ભાગે લાકડીઓ વાગતા ઈજા પહોંચતા લોહી નીકળવા લાગ્યું હતું. ફરીયાદીના માતા સરોજ બેન તેમજ કાકા રાકેશભાઈ પટેલ આવીને વધુ મારમાંથી છોડવવાનો પ્રયત્ન કરતા તેમને પણ લાકડીઓ વડે મારતા ઈજા પહોંચી હતી. ત્યારબાદ ગામમાંથી વધુ વ્યકિતઓ એકઠા થઈ જતા ચારેય જણા નાસી ગયા હતા. જયારે ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા છે. ચાર વર્ષ પહેલા અનિલ રાવળ સાથે થયેલા ઝઘડાની અદાવત રાખી આ જીવલેણ હુમલો કર્યો હોવાનું લાગી રહ્યું છે. બનાવ અંગે તેજસ પટેલે પેથાપુર પોલીસ મથકે ગામના ૪ શખ્સો સામે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદ્દેદારો તથા સભ્યોના એક પ્રતિનિધિ મંડળે આજે પ્રમુખ કેશરીસિંહ બિહોલાની આગેવાની હેઠળ નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમયાન તેમણે મ્યુ. કમિશનરને શહેરની પરિસ્થિતિ અંગે જાણકારી આપી શહેરના વિકાસ અને પ્રગતિમાં મહાસંઘ દ્વારા સંપૂર્ણ સાથ સહકાર આપવામાં આવશે તેની ખાતરી આપી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ડણાક રમાબેન જયકૃષ્ણ,** ઉ.વ. ૮૪, સેકટર-૨૨
- **સ્વ. વાંસફોડા પુજાબેન જસુભાઈ,** ઉ.વ. ૨૪, પેથાપુર
- **સ્વ. દરજી મંજુલાબેન લાલભાઈ,** ઉ.વ. ૭૭, ઉનાવા, બાલવા
- **સ્વ. ઠાકોર નરસિંહજી વરવાજી,** ઉ.વ. ૮૫, શિહોલી મોટી
- **સ્વ. વાઘેલા તીકાબા દશરથસિંહ,** ઉ.વ.૬૯, નવા પીપળજ

ચિલોડા નાકા પોઈન્ટ પરથી ખાનગી બસમાંથી બિયરના ૧૨૦ ટીન મળ્યા

ગાંધીનગર, તા.૨૯

ચિલોડા-હિંમતનગર માર્ગ પર ચંદ્રાલા ગામ પાસે આગમન હોટલ સામે નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી ખાનગી લકઝરી બસના ચાલક અને ડ્રાઈવરને સાથે રાખીને બસમાં મુસાફરોનો સામાન મુકવાની ડેકીમાં તપાસ કરતા ખાખી પુંઠાવાળા પાંચ બોકસ શંકાસ્પદ મળી આવ્યા હતા. પોલીસે બોકસ ખોલતા તેમાંથી નંગ-૧૨૦ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ.૧૪,૪૦૦ ના બિયર અને મોબાઈલ નંગ-૧ કિં.૨૦૦૦ મળી કુલ રૂ. ૧૬,૪૦૦ કબ્જે કરી એક શખ્સને અમદાવાદથી પકડી પાડી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કોરોના કાળમાં ગોકુલપુરામાં એક સાથે મિલકત વેરાનું ૧૦ વર્ષનું બિલ ફટકારી દેવાયું..!!

વોર્ડ નં.૬ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભૂમિબેન રબારીએ મ્યુ. કમિશનર કચેરીએ આવેદન પત્ર આપ્યું : કોરોનાને પગલે અગાઉના વેરામાંથી મુક્તિ આપી માત્ર ચાલુ વર્ષનો વેરો જ વસૂલવા માંગ કરી

ગાંધીનગર, તા. ૨૯

કોરોના કાળમાં મ્યુનિસિપલ કોર્પોરેશને ગોકુલપુરામાં અચાનક એક સાથે ૧૦ વર્ષના મિલકત વેરાનનું બિલ ફટકારી દેતા વોર્ડ નં.૬ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભૂમિબેન રબારીએ આજે મ્યુ. કમિશનર કચેરીએ આવેદન પત્ર આપ્યું હતું. આવેદન પત્રમાં તેમણે ગોકુલપુરામાં પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા માલધારી સમાજના રોજિંદા કામકાજથી કમાઈ રોજ ખાતા શ્રમજીવી વર્ગના પરિવારો રહેતા હોવાનું જણાવતા કપરા કોરોના કાળને અનુલક્ષીને દસ વર્ષના વેરા માફ કરી માત્ર ચાલુ વર્ષનો જ વેરો વસૂલવા રજૂઆત કરી છે.

આપ પાર્ટીના ઉમેદવાર ભૂમિબેન રબારીએ આપેલા

આવેદન પત્રમાં તેમણે રજૂઆત કરી છે કે ગોકુલપુરામાં વસવાટ કરતા માલધારી સમાજના ત્રણસોથી વધુ પરિવાર વસે છે જેઓ રોજીંદો દૂધનો વેપાર અને છૂટક મજૂરી પોતાના પરિવારનું ગુજરાન કરે છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી કોઈ વેરો માંગવામાં આવતો ન હતો પરંતુ હવે અચાનક જ એક સાથે દસ વર્ષનો વેરો વસુલવા નોટિસ આપવામાં આવી છે. છેલ્લા દોઢ વર્ષ કરતાં વધુ સમયથી કોરોના મહામારીનો કહેર ચાલી રહ્યો છે જેના કારણે વેપાર-ધંધા પર માઠી અસર થવાથી મધ્યમ અને સામાન્ય વર્ગનું જીવન દુષ્કર બની જવા પામ્યું છે અને અનેક શ્રમજીવી પરિવારોને પોતાના પરિવારનું લાલનપાલન કરવાના ફાંફાં પડી ગયા છે. આવા કપરા સમયે આ શ્રમજીવી પરિવારો પાસે અચાનક જ દસ વર્ષના વેરાની વસૂલાત કરવી એ તદ્દન અમાનવીય અને અન્યાયપૂર્ણ કરૂણ નિર્ણય છે. આ સાથે તેમણે ગોકુલપુરાના ગરીબ અને શ્રમજીવી વસાહતીઓ પર લાદવામાં આવેલો આ અન્યાયી વેરો માફ કરવામાં આવે અને અગાઉના વેરામાંથી મુક્તિ આપી માત્ર ચાલુ વર્ષનો વેરો જ વસૂલવામાં આવે તેવી માંગણી કરી છે.

ગાંધીનગરની એલ.જે. દેસાઈ ગોપાલક પ્રાયમરી સ્કુલની આગવી પહેલ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સેકટર-૧૫ ખાતે આવેલ જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલમાં ચાલતી શ્રી એ.કે. દેસાઈ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને અને તેમના પરિવારોને વર્તમાન કોરોના કાળની મહામારીના સંદર્ભમાં આકરી આર્થિક પરિસ્થિતિનો સામનો કરી રહેલા પરિવારોને આર્થિક રાહત મળી રહે તે હેતુથી સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ તથા આચાર્યશ્રી તરફથી વિદ્યાર્થીઓના ભણતરની ફી માફી અંગેની એક નવીન પહેલ કરવામાં આવી છે અને ચાલુ વર્ષ ૧૦ જુલાઈ ૨૦૨૧ સુધીમાં શાળામાં પ્રવેશ મેળવનાર તમામ ધો-૧ના વિદ્યાર્થીઓને આ ફી માફી યોજનાનો લાભ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.